# વાહન વ્યવહાર કમિશનરની કચેરી

બ્લોક નં.-૬, બીજો માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

ઓફીસ : (૦૭૯) ૨૩૨૫૧૩૬૩ E-mail: cot-trans-tax@gujarat.gov.in


પ્રતિ,

સહાયક/પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રી

સહાયક/પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરી

તમામ

વિષય: ગુજરાત બહાર રજીસ્ટર થયેલા ૭૫૦૦ કી.ગ્રા.થી વધુ ગ્રોસ વ્હીકલ વેઈટ ધરાવતા માલવાહક વાહનો જયારે ગુજરાત રાજયમાં કાયમી નોધણી માટે લાવવામાં આવે ત્યારે તે વાહન પર મોટર વાહન વેરો વસૂલવા બાબત

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે ગુજરાત બહાર કોઈપણ સમયે રજીસ્ટર થયેલા ૭૫૦૦ કી.ગ્રા.થી વધુ ગ્રોસ વ્હીકલ વેઈટ ધરાવતા માલવાહક વાહનો જયારે ગુજરાત રાજયમાં કાયમી નોધણી માટે લાવવામાં આવે ત્યારે તે વાહન પર મોટર વાહન વેરો વસૂલવા બાબતે માર્ગદર્શન આપવા તાબાની કચેરીઓ દ્વારા પૃચ્છા કરવામાં આવતી હતી. અત્રેની કચેરી દ્વારા સદર બાબતે તા:૧૫/૧૨/૨૦૨૩ નો કાયદા વિભાગનો અભિપ્રાય મેળવવામાં આવેલ હતો જે નીચે પ્રમાણે છે.

***"In the present matter, in continuation of earlier opinion of this department, the Ports & Transport Department is advised that those motor vehicles whose weight exceeds 7500 KG. and have been registered in the State other than the State of Gujarat before 31.03.2017 and if such vehicles are to be registered in the State of Gujarat after 31.03.2017 then the provisions of the notification dt. 31.03.2017 shall equally be applicable to such vehicles in so far as the levy of the motor vehicle tax is concerned i.e. such vehicles will have to be taxed in a lump sum manner at rate of 6% of the cost of the vehicle."***

આમ, ગુજરાત બહાર કોઈપણ સમયે રજીસ્ટર થયેલા ૭૫૦૦ કી.ગ્રા.થી વધુ ગ્રોસ વ્હીકલ વેઈટ ધરાવતા માલવાહક વાહનો જયારે ગુજરાત રાજયમાં કાયમી નોધણી માટે લાવવામાં આવે ત્યારે ઉપરોક્ત અભિપ્રાય ધ્યાને લઈ મોટર વાહન વેરો વસૂલવા કામગીરી કરવાની રહેશે જેનાથી વિદિત થવા વિનંતી છે. વધુમાં જણાવવાનુકે સદર બાબતે તાત્કાલિક અસરથી અમલ કરવાનો રહેશે તથા એન.આઇ.સી કક્ષાએથી વાહના **4.0** માં જરુરી સુધારા ન થાય ત્યા સુધી ઉપરોક્ત અભિપ્રાય મુજબ કામગીરી થાય તે સંબંધિત કચેરીના વડાએ સુનિશ્ચિત કરવાનું રહેશે વધુમાં જણાવવાનું કે ૦૧-૦૪-૨૦૧૭થી ઉપર દર્શાવેલ વાહનોમાં જે કચેરી ખાતે પણ રિકરીંગ દરે ટેક્સ વસૂલવામાં આવેલ છે તે કચેરીને આવા વાહનો પાસેથી **LST** દરે ટેક્સ વસૂલવા જણાવવામાં આવે છે.

[નોંધ પર માન.કમિશ્નરશ્રીના આદેશ મુજબ]

નાયબ નિયામક
વાહન વ્યવહાર કમિશનરની કચેરી
ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

બિડાણઃ- ઉપર મુજબ.

Letter No: COT/0649/01/2024   Dt: 29-01-2024

નકલ રવાના : **NIC**, ગાંધીનગર ને જાણ સારુ

*Signature Not Verified*

*Signed by:Vinita Yadav*
*I/C Deputy Director*
*Date:2024.01.29*
*11:33:15 +5:30*

File No: COT/WRT/e-file/211/2023/0490/Tax
Approved By: I/C Deputy Director,License,COT

*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*